# Visit of External Affairs Minister to Bangladesh (April 28, 2022)

## વિદેશ મંત્રીની બાંગ્લાદેશની મુલાકાત (એપ્રિલ 28, 2022)

28 એપ્રિલ, 2022

ડૉ. એસ. જયશંકર વિદેશ મંત્રી, બંને દેશો વચ્ચેના આપણાં ઘનિષ્ઠ ભાઈચારાના સબંધોની ભાવનામાં વિચારોનાના ભૂતકાળમાં ઘણા પ્રસંગોએ કરેલ ઉચ્ચ સ્તરીય આદાન-પ્રદાનને ચાલુ રાખતા, હાલ બાંગ્લાદેશની એક સત્તાવાર મુલાકાતે છે.

2. આજે બપોરે આપણાં વિદેશ મંત્રીશ્રીએ બાંગ્લાદેશના વડા પ્રધાન, મહામુહિમ શેખ હસીનાને મળ્યા હતા અને વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું, આ વર્ષના અંતમાં તેમની અનુકૂળતા મુજબ ભારતની મુલાકાત લેવા, તેમને આમંત્રણ પાઠવ્યું હતું. વિદેશ મંત્રીશ્રીએ બાંગ્લાદેશના માનનીય વડા પ્રધાન સાથે પરસ્પર હિતના દ્વિપક્ષીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

3. વિદેશ મંત્રીશ્રી તેમના સમકશ સાથી, બાંગ્લાદેશના વિદેશ પ્રધાન, ડૉ. એકે અબ્દુલ મોમેનને પણ મળ્યા અને તેમને વડા પ્રધાન મહામુહિમ શેખ હસીનાની ભારતની મુલાકાત પહેલાં, ભારતમાં યોજાનારી સંયુક્ત સલાહકાર પંચની આગામી બેઠકમાં હાજરી આપવાનું આમંત્રણ આપ્યું હતું.

4. બંને પક્ષોએ ઉચ્ચ સ્તરીય મુલાકાતોમાં, ખાસ કરીને રાજદ્વારી સંબંધોની સુવર્ણ જયંતિના સ્મારક વર્ષમાં, એકસરખી ગતિ જાળવી રાખી છે. વિદેશ પ્રધાનની આ મુલાકાતે દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિ અને તેને વધુ મજબૂત કરવાના માર્ગોની સમીક્ષા કરવાની એક ઉપયોગી તક પૂરી પાડી હતી.

ઢાકા
28 એપ્રિલ, 2022

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.